# ભાલણ

લાલસિંગ ચંદનસિંગ રાજપૂત
આચાર્ય પસવાદળ પ્રા.શાળા

***( પંદરમી સદી ઉતરાર્ધ – ઈ. સોળમી સદી પૂર્વાધ )***

મધ્યકાલીન ગુજરાતી કવિ ભાલણ .......

ભાલણ પાટણનો વતની હતો અને સંસ્કૃતનો વ્યુત્પન્ન પંડિત હતો. આરંભમાં તે દેવી ભક્ત હતો પણ જીવનના અંત ભાગમાં રામભક્ત બન્યો હોવાનું એની રચનાઓ દ્વારા સમજાય છે. એણે રચેલાં કહેવાતાં 'દશમસ્કંધ' માંનાં કેટલાંક વ્રજભાષાના પદોથી એ વ્રજભાષા નો પણ સારો જાણકાર હોવાનું અનુમાની શકાય. પુરુષોત્તમ મહારાજ તરીકે એની ખ્યાતિ હતી અને કવિ ભીમ પુરુષોત્તમનો ગુરુ તરીકે નિર્દેશ કરે છે એ ભાલણ હોવાનો સંભવ છે. એણે સૈપ્રથમ વાર ગુજરાતી ભાષા માટે 'ગુજર ભાષા' એવો શબ્દ પ્રયોગ કર્યો છે.

ભાલણે આખ્યાનો અને પદોનું સર્જન કર્યું છે અને બાણભટ્ટની મહિમાવંતી ગદ્યકથા 'કાદંબરી' ને સમુચિત કાટછાંટ કરીને ગુજરાતી પદ્યમાં અવતારી છે. આખ્યાન-કવિતાનો એ પિતા ગણાય છે. કારણ કે એની પૂર્વે કવિઓએ કથાત્મક કાવ્ય પ્રકારની ઉપાસના કરેછે, પરંતુ કડવાંબદ્ધ આખ્યાન શૈલીનો પ્રયોગ તો એણે જ પ્રથમ વાર કરેલો જણાય છે.

પૌરાણિક કથાઓમાંથી વસ્તુ લઈને એણે કેટલાંક આખ્યાનો લખ્યાં છે. આદ્યશક્તિ વિષયક 'સપ્તશતી' શિવપુરાણ ની શિકારીની કથાવાળું 'મૃગી આખ્યાન', પદ્મપુરાણમાંથી વસ્તુ લઈને 'જાલંધર આખ્યાન', ગણિકા મામકીની રામભક્તિ નિરૂપતું 'મામકી આખ્યાન' ભાગવતની ધ્રુવકથા વર્ણવતું ધ્રુવાખ્યાન' અને મહાભારતની નળકથાને આલેખતું 'નળાખ્યાન' જેવાં કેટલાંક આખ્યાનો એણે લખ્યાં છે. એનાં આખ્યાનોમાં એ મૂળ કથાનું જ મુખ્યત્વે અનુસરણ કરતો હોવાથી અને પ્રસંગોને સંક્ષેપમાં રજૂ કરતો હોવાથી પ્રેમાનંદ કવિની જેમ એની મૌલિક કલ્પનાશક્તિનું એમાં પ્રવર્તન થતું નથી. આ સર્વ આખ્યાનોમાં 'નળાખ્યાન' એની નોંધપાત્ર આખ્યાનકૃતિ છે. આ આખ્યાન ઊથલા-વલણ વગરનાં ૩૦/૩૩ કડવાંમાં રચાયેલું છે અને સંસ્કૃત મહાકવિ શ્રી હર્ષના 'નૈષધીય ચરિત' મહાકાવ્ય તેમજ ત્રિવિક્રમના 'નલચંપૂ' નો ઓછો વત્તો પ્રભાવ ઝીલતું, શૃગાર અને કરૂણનું આકર્ષક નિરૂપણ કરતું પ્રાસાદિક આખ્યાન છે. એણે બીજું પણ નળાખ્યાન લખ્યું હોવાનું કહેવાય છે, પણ એ શંકાસ્પદ છે. ભાલણની નળકથાએ અનુગામી જૈન-જૈનેતર કવિઓને નળ વિષયક આખ્યાનો લખવા પ્રેર્યા છે. મહાભારત પ્રમાણે નળનો રાજમંદિરમાં ગુપ્ત રીતે થતો પ્રવેશ અને પછી નૈષધીય ચરિત' પ્રમાણે એ અપ્રગટ નળને સખીઓ સાથે પકડી પાડવાનો કસબ એમાં સરસ રીતે વર્ણવાયો છે. દમયંતીત્યાગ પછી એની અસહાય સ્થિતિનું સવિગત વર્ણન ભારતીય નારીના મનોભાવો સાથે નિરૂપાયું છે. પરિસ્થિતિજન્ય કરૂણ અને ચમત્કારજન્ય અદભુત આ આખ્યાનમાં સારી રીતે આલેખાયા છે.

ભાલણની પદ રચનાઓમાં 'દશમસ્કંધ' અને 'રામબાલચરિત' સૌથી વિશેષ ધ્યાન ખેંચે છે. ભાલણે 'દશમસ્કંધ' નો અનુવાદ પદોમાં કરેલો છે, પણ એ નામભેદે કડવાં જ છે. પદથી કડવાં પ્રતિ થતી ગતિ અહીં દેખાય છે. એણે સારી રીતે માવજત કરી હોય એવાં 'દાણલીલા' ના પ્રસંગ ઉમેરણમાં, કાલિય નાગદમનના સવિસ્તરવર્ણન દ્વારા પ્રગટ થતી યશોદાની વ્યાકુળ મન:સ્થિતિના ચિત્રણમાં, ગોવર્ધન પર્વત ધારણ કરવાના પ્રસંગે કૃષ્ણ પર બ્રહ્માપ્રેરિત કામધેનુના પવિત્ર દૂધના અભિષેક નિરૂપણમાં, પૂતનાવધના વર્ણનમાં તેમજ રાસલીલા અને રુક્મિણીના વિવાહના રસમય આલેખનમાં ભાલણ ની કવિ શક્તિનું સારું દર્શન થાય છે. વાત્સલ્ય એનો પ્રિય રસ છે અને એ કૃષ્ણની બાલચેષ્ટાઓના સ્વભાવોક્તિયુક્ત વર્ણનમાં માર્મિક રીતે નિષ્પન્ન થતો અનુભવાય છે. કરૂણ ના આલેખનમાં પણ એ સફળ રહ્યો છે, ભાલણ હૃદયથી રામભક્ત હોવાથી કૃષ્ણલીલા ના વર્ણનમાં પણ કૃષ્ણને એ રઘુનાથ રૂપે ભજે છે. 'રૂક્મિણી વિવાહ' તથા 'સત્યભામા વિવાહ' એ સ્વતંત્ર કૃતિઓ પણ ભાલણે અહીંસમાવિષ્ટ કરી છે.

ચાળીસ પદવાળા 'રામબાલચારિત' રામ જન્મથી સીતા સ્વયંવર સુધીની પ્રસંગો કવિએ વર્ણવ્યા છે, આ પદોમાં કવિ માતૃહૃદયના ભાવલોકનું પ્રભાવક ચિત્ર આલેખી શક્યા છે. રામની બાળક્રીડાઓ – ચેષ્ટાઓ અને બાલપ્રકૃતિ તેમજ કૌશલ્યાના માતૃહૃદયના સંવેદનો અહીં સૂક્ષ્મતાથી વિશદમધુર પદોમાં પ્રગટ થયાં છે. બાલક્રીડા ના ચમત્કારને વ્યક્ત કરતું 'ઝૂલડી ક્યાંય વિસારી' સુંદર સ્વાભાવિક વર્ણનનું 'રામ રંગે રીખે', ચાતુર્ય ભક્તિ પ્રગટ કરતું 'નાવિક વળતો બોલિયો' જેવાં ભાલણના કેટલાંક મનોહર પદો ગુજરાતમાં લોકપ્રિય છે. એનાં રામ વિષયક પદો માર્મિક ભક્તીકાવ્યો છે. એમાં કવિએ ભક્તના હૃદય-ભાવો અત્યંત મૃદુતાથી નિરૂપ્યા છે.

'કાદંબરી ભાલણ ની કીર્તિદા રચના છે. બાણભટ્ટની ગદ્ય કથા 'કાદંબરી' ણે ૪૦ પદ્ય-કડવાંવાળા આખ્યાન સ્વરૂપમાં ઢાળીને ભાલણે અપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. પંડિતો જ સમજી શકે અને આસ્વાદી શકે એવી અસંખ્ય સંસ્કૃત સમાસોવાળી, વાક્યાવલિઓમાં વિસ્તરેલી, બુદ્ધિની વ્યાયામ શાળા જેવી આ સંસ્કૃતની રસમય કથાને ભાલણે એ કથાનો આસ્વાદ કરતા ઇચ્છતા મુગ્ધરસિક ગુજરાતી વાચકો માટે ગુજરાતી પદ્યમાં ટૂંકાવીને અનુવાદ રૂપે રજૂ કરી છે. એમાં ભાલણની રૂપાંતર કલાનો સુંદર વિનિયોગ થયો છે. મૂળ કથાને સંક્ષેપ માં રજૂ કરી હોવાથી મૂળનું કેટલુંક એણે ત્યજી દીધું છેકે ટૂકાવ્યું છે; ક્યાંક રૂપાંતર કર્યુ છે અને ક્યાંક પોતાની કવિત્વશક્તિના ઉન્મેષો એણે નવા પ્રસંગો ઉમેરીને એણે પ્રગટ કર્યા છે. મૂળના અલંકારો, મૂળની કલ્પનાઓ અને વર્નાનોના વૈભવથી ગુજરાતી વાચક વિમુખ ન રહી જાય એ માટે એણે ખૂબ સંભાળ રાખી છે. પંપા તથા અચ્છોદ સરોવરોના વર્ણનમાં, અપુત્ર વિલાસવતી ની પુત્ર-ઝંખના વાળા વાત્સલ્યરસથી સભર કાવ્યાત્મક નિરૂપણવાળા ઉમેરણમાં ભાલણની સર્ગશક્તિનો મનોરમ પરિચય મળેછે. રસજ્ઞ કવિ પંડિતની કલ્પના કથાનો આ ગુજરાતી પદ્યદેહ ભાલણની પ્રૌઢ ભાવોચિત ભાષાની સમૃદ્ધિ નો પણ ખ્યાલ આપેછે. ભાલણ પાસે ભાષાને વિશદ રીતે પ્રયોજવાનું આગવું કૌશલ્ય છે, ભાવને રસમય રીતે નીરૂપવાની કવિત્વશક્તિ છે અને વિશેષ તો વાત્સલ્ય ભાવના પ્રભાવક આલેખનની ઉત્તમ કળા છે.

**સંદર્ભસૂચી**

૧. ગુજરાતી વિશ્વકોશ. : ખંડ-૧૪,